:: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકા આયોજીત ૧૭મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આયોજીત પુસ્તકમેળાના સેમીનાર હોલમાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમ બાબત.

ભારતમાં લોકસંસ્કૃતિ અને લોકકલાઓનો અમુલ્ય વારસો મેળાઓ દ્વારા જ સચવાયેલો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આ લોકકલા અને લોકસંસ્કૃતિને જીવંત અને ધબકતી રાખવા મહત્વનું ઈંધણ પૂરૂં પાડતા મેળાઓની જાળવણી માટે "૧૭મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો 'વિદ્યા-૨૦૧૮, ૧૫મો રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફ્લાવર શો 'સુમન-૨૦૧૮, ૭મો શિલ્પગ્રામ મેળો-શિલ્પગ્રામ-૨૦૧૮"નું આયોજન તા.૨૪/૦૧/૨૦૧૮ થી તા.૨૮/૦૧/૨૦૧૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં નિબંધ અને રંગપુરણી સ્પર્ધાઓ, પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી સ્પર્ધાઓ, પ્રસિધ્ધ સાહિત્યકરોના વ્યાખ્યાન અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૨૪/૦૧/૨૦૧૮ના રોજ સવારે માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયાના પ્રમુખપણા હેઠળ પસિધ્ધ લેખક, પત્રકાર અને કોલમિસ્ટ શ્રી કૃષ્ણકાંત ઉનડકટના હસ્તે ખુલ્લો મુકવામાં આવેલ. આ રાષ્ટ્રીય પુસ્તકમેળાના સેમીનાર હોલમાં તા.૨૪ અને ૨૫ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ બપોરે ૩.૦૦ કલાકે અનુક્રમે પ્રસિધ્ધ સાહિત્યકાર-રાષ્ટ્રીય ચિંતકશ્રી શ્રીધર પરાડકરના રાષ્ટ્ર, રાષ્ટ્રીયતા અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ વિષય ઉપર અને પ્રસિધ્ધ કવયિત્રી-વિવેચક ડૉ.ઉષાબેન ઉપાધ્યાયના ભારતીય સંસ્કૃતિ વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેનો શહેરના પ્રબુદ્ધ નગરજનોએ લાભ લીધો હતો. તા.૨૫/૦૧/૨૦૧૮ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે વિદ્યાર્થીઓમાં રહેલી લેખન કળાની સુષુપ્ત શકિતઓને બહાર લાવવા ધોરણ ૬ થી ૧૦ના વિદ્યાર્થીઓની નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સ્પર્ધા સ્થળે જ આપવામાં આવેલ વિષયો (૧) ટેકનોલોજીના યુગમાં પુસ્તકનું મહત્વ (૨) મારો યાદગાર પ્રવાસ (૩) બેટી બચાવો, બેટી પઢાવો (૪) એક વૃક્ષ, એક જીંદગી (૫) પર્યાવરણ બચાવો, દેશ બચાવો વિષય પર શહેરની ૫૦થી વધુ શાળાના ૪૧૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ નિબંધ લેખન કર્યું હતું. તા.૨૭/૦૧/૨૦૧૮ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થીઓની યોજવામાં આવેલ રંગપૂરણી સ્પર્ધામાં શહેરની ૮૦ જેટલી પ્રાથમિક શાળાના ૬૩૦થી વધુ બાળકોએ રંગપૂરણી કરી હતી. આ નિબંધ અને રંગપૂરણી સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ બાળકોને સ્મૃતિભેટ તરીકે વોટરબેગ અને કલે કલર સેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગાર્ડન વિભાગ દ્વારા દરરોજ સવારે તાજા ફુલોની ગોઠવણી, ઔષધિય વનસ્પતિ કુંડા, સુકા ફુલોની ગોઠવણી, ફુલોના ગજરા / ફુલોની વેણી, ફુલોના હાર / તોરણ અને સલાડ ડેકોરેશનની હરિફાઈ યોજવામાં આવી હતી.

**નિબંધ સ્પર્ધા અને રંગપુરણી હરિફાઈનું પરિણામ**

| નિબંધ સ્પર્ધા (ધો.૬ થી ૧૦) તા.૨૫/૦૧/૨૦૧૮ | | રંગપુરણી સ્પર્ધા (ધો.૧ થી ૪) તા.૨૭/૦૧/૨૦૧૮ |
|---|---|---|
| વિજેતા ક્રમ | વિજેતાનું નામ | પ્રિન્સ પારેખ |
| પ્રથમ | રાણા કશ્યપ ચિત્રાંગ | રૂદ્ર ભાવેશ દવે |
| દ્વિતીય | કલસરિયા કાજલ શુકલભાઈ | હેત્વી અમિતભાઈ ટીકીવાલા |
| તૃતીય | શીંગ દીપિકા ઓમપાલભાઈ | ગોંડલીયા યશ્વી અલ્પેશભાઈ |
| આશ્વાસન | તોગડીયા પુર્વા | પંકિત પી. સેલર |
| | ઉપાધ્યાય હેમાંગીની દિપકકુમાર | વિરડીયા યુતિ વિજયભાઈ |
| | ચૌધરી કામિની કૈલાસ | પ્રાર્થના ઘનશ્યામભાઈ દેસાઈ |
| | વઘાસીયા ઝીલ ધર્મેશભાઈ | તન્ન બિપીનભાઈ સુતરીયા |
| | પ્રજાપતિ નીના લીલારામભાઈ | સૌમી એસ. કરમાકર |

સુરત મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રીય પુસ્તક મેળાના સેમીનાર હોલમાં યોજાયેલ આ તમામ સ્પર્ધાઓના વિજેતાઓને તા.૨૮/૦૧/૨૦૧૮ના રોજ સાંજે સેમીનાર હોલમાં સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ અને ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષા શ્રીમતી રંજનબેન સરતાનપરાના હસ્તે વિજેતા ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

સુરત મહાનગરપાલિકા આયોજીત સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તકમેળાની મુલાકાતે આવતા નગરજનો માટે દરરોજ સાંજે ૭.૦૦ કલાકે મનોરંજનસભર રંગારંગ કાર્યક્રમ, જુના ફિલ્મી ગીતોની સફર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓનો અને શહેરની શાળા/કલા સંસ્થાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમો અને સિદી ધમાલ વિગેરે કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. 'જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે' યોજાયેલ આ સાંસ્કૃતિક કાર્યક્રમનો રસાસ્વાદ મોટી સંખ્યામાં નગરજનોએ માણ્યો હતો.

સમાચાર યાદી 722 -, તા.[illegible]/૦૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

A:\NEW ADMIN 2017-18\BOOK FAIR 2018.docx


વિદ્યા
૧૭મો સ્વામી વિવેકાનંદ
રાષ્ટ્રીય પુસ્તક મેળો
અને ફ્લાવર શો










3

૭૨૩

# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના) ના સમાવિષ્ટ વિસ્તારો પૈકી ભેસ્તાન અને ઉન અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા. ૨૯/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૩ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૨૯/૦૧/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ ૭૮ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી કુલ રૂા. ૧૮.૩૦ લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. સદર મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને રૂા. ૪૫.૦૫ લાખથી વધુ વેરાની વસુલાત ઉધના ઝોન ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં જમીન મિલકત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા ૨૨ થી વધુ EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા ૨.૧૦ લાખથી વધુ હપ્તાની વસુલાત આજ રોજ તા. ૨૯/૦૧/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# પ્રેસ નોટ

# ચંદ્ર ગ્રહણ

પૃથ્વી સૂર્યની ફરતે પરિક્રમા કરે છે તથા ચંદ્ર પૃથ્વીની ફરતે પરિક્રમા કરે છે. આ પ્રકારની ગતિ દરમ્યાન કયારેક સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર એક સીધી રેખામાં આવે છે. જેથી સૂર્યગ્રહણ તેમજ ચંદ્રગ્રહણ જેવી ખગોળીય ઘટનાઓ બને છે. જવલ્લેજ બનતી ખગોળીય ઘટનામાંની તા.૧૦/૧૨/૨૦૧૧ બાદ પ્રથમ વખત તા.૩૧/૦૧/૨૦૧૮ ના રોજ સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી આવવાથી ભારતભરમાં પૂર્ણ ચંદ્રગ્રહણ જોઈ શકાશે. આ ચંદ્રગ્રહણનો સંપૂર્ણ ફેઝ ચંદ્રોદયનાં સમય અંદાજિત ૦૬:૪૦ થી સાયન્સ સેન્ટર ખાતેથી દ્રશ્યમાન થશે. શહેરીજનો આ ખગોળીય ઘટના નિહાળી શકે તે માટે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ ખાતે ઉપલબ્ધ ટેલિસ્કોપ દ્વારા તા.૩૧/૦૧/૨૦૧૮ના રોજ સાંજે ૬:૪૦ થી રાત્રે ૮:૪૦ કલાક દરમ્યાન ચંદ્રગ્રહણ નિહાળવાની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

૭૨૫

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે કેટેગરી EWS–૧ સ્કીમના ૩૧૧૮ આવાસો તથા કેટેગરી EWS–૨ સ્કીમના ૪૯૯૨ આવાસો મળી કુલ ૮૧૧૦ આવાસોના કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો શ્રી કૌશિકકુમાર જમનાદાસ પટેલ માન.મંત્રી,મહેસુલ,ગુજરાત રાજયના વરદ્હસ્તે આજરોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડિમય,અઠવાલાઈન્સ,સુરત ખાતે રાખવામાં આવેલ.

આ પ્રસંગે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા દિન–પ્રતિદિન વિકાસના પંથે આગળ વધી રહયું છે સુરત મહાનગરપાલિકા બાંધકામની જ કિંમત લઈ મકાનો આપે છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા મકાન,શિક્ષણ, આરોગ્ય,પર્યાવરણ,પાણીની સુવિધા જેવી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.દિવસે દિવસે સુરત મહાનગરપાલિકા આગળ વધી રહીં છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાના એફોડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપ ઘટક હેઠળ શહેરમાં વિવિધ ૧૭ સ્થળોએ ૮૧૧૦ EWS આવાસોના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ઈન–સીટુ સ્લમ રીડેવલપમેન્ટ ઘટક હેઠળ મંજુર કરાવવામાં આવેલ ૧૩ સ્લમ ખાતે ૧૦૨૦૦ ઝુંપડાઓના રીડેવલપમેન્ટ પૈકી ૦૬ સ્લમ ખાતેના ૭૫૦૦ ઝુંપડાઓના પીપીપી ધોરણે રીડેવલપમેન્ટની કામગીરી ડેવલપરોને સોંપવામાં આવેલ છે

રીડેવલપમેન્ટ ઓફ પબ્લીક હાઉસીંગ સ્કીમ હેઠળ ૧૦ સ્થળોઅ આવેલ ૬૨૪૩ ટેનામેન્ટો પૈકી ૨૬૦૮ ટેનામેન્ટોના પીપીપી ધોરણે રીડેવલપમેન્ટ માટેના વર્કઓર્ડર ડેવલપરોને સોંપવામાં આવ્યા છે.

આ પ્રસંગે માન.મંત્રી,મહેસુલ,ગુજરાત રાજય શ્રી કૌશિકકુમાર જમનાદાસ પટેલનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તથા માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન ધ્વારા શાલ,મોમેન્ટો તથા પુસ્તક આપી સ્વાગત કરવામાં આવેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ.

માન.મંત્રી,મહેસુલ,ગુજરાત રાજય શ્રી કૌશિકકુમાર જમનાદાસ પટેલએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યું હતુ કે "સુરત એટલે વિકાસની મૂરત" ૧૯૯૮માં શહેરી વિકાસ મંત્રી તરીકે સુરતમાં આવેલ અને આજરોજ સુરતમાં મેહસૂલ મંત્રી બનીને આવ્યો છુ તે મારા માટે ગર્વની વાત છે.સરકારનું કામ રોટી,કપડા, અને મકાન આપવાનું છે. આજરોજ ૮૧૧૦ આવાસો બનાવીને

તેનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરીને ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ફાળવવામાં આવશે ગુજરાત સરકારે નવી પોલીસી બનાવી છે સમગ્ર દેશમાં આ સરકારે સાડા ચાર વર્ષની અંદર ૯૩ લાખ મકાનો ગરીબ અને મધ્યમ વર્ગના માણસોને આપ્યા છે "વાયદા નહિ વિકાસ" અમારુ લક્ષ્ય છે અને તે માટે સરકાર કામ કરી રહી છે

સરકારે બનાવેલા મકાનો જોવાલાયક અને રહેવાલાયક છે. ગુજરાત સરકાર તરફથી હું સુરત મહાનગરપાલિકાનો આભાર માનું છુ.ગુજરાત સરકાર સુરત મહાનગપાલિકાને મકાનો બનાવવા માટે ૪૭ જેટલી જગ્યા આપવાની છે જેમાંથી ૩ જગ્યાની જમીન સુરત મહાનગરપાલિકાને આજે જ આપવાની છે. અમારે વિકાસ કરવો છે વાયદા નહિ. સુરતની વિકાસની નોંધનો સમગ્ર દેશ અને વિશ્વએ સ્વીકાર કર્યો છે તે બદલ સુરત મહાનગરપાલિકાને અભિનંદન પાઠવું છુ. સુરતના પ્રભારી મંત્રી તરીકે કામ કરવાનો મોકો આપવા બદલ માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો પણ હું આભાર માનુ છુ.દેશ–દુનિયાના લોકો સુરતનો વિકાસ જોવા આવે છે.આજે સુરત દેખાય છે તેમા અનેક લોકોએ તેનાં વિકાસમાં ફાળો આપ્યો છે.નવનિર્મિત મકાનો ગરીબ અને મધ્યમ વર્ગના મકાનો મળી રહયા છે તે બદલ મેયરશ્રીની ટીમ અને કમિશનરશ્રીની ટીમનો હું સરકાર તરફથી આભાર માનું છુ.

માન.મંત્રી શ્રી કૌશિક પટેલના વરદ્હસ્તે સરકારી જમીન સુરત મહાનગરપાલિકાને પીપીપી ધોરણે વિકસાવવા માટેના હુકમ માન.મ્યુ.કમિશનરશ્રી અને માન.મેયરશ્રીને સુપ્રત કરવામાં આવેલ તથા માન.મંત્રી,મેહસુલ,ગુજરાત રાજય શ્રી કૌશિક પટેલના વરદ્હસ્તે તથા અન્ય મહાનુભવોના ધ્વારા ૮૧૧૦ આવાસોનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરવામાં આવેલ.

આ પ્રસંગે માન.ધારાસભ્ય શ્રી હર્ષ સંઘવી , માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, માન.ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાવડીયા, માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ,માન.શહેર ભાજપ પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, ,માન.કલેકટર શ્રી મહેન્દ્રભાઈ પટેલ,સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ તથા ખુબ મોટી સંખ્યમાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.








# :: પ્રેસનોટ ::

## "મહાત્મા ગાંધી નિર્વાણદિન"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૮ના રોજ આયોજીત પુષ્પાંજલિ તથા ભજન કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, મા. ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, મ્યુનિ.કમિશનરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા ગાંધીપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દેશની આઝાદી માટે આખું જીવન સમર્પી દેનાર આ યુગપુરૂષની પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ અર્પી હતી. નગર પ્રાથમિક સ્કૂલના બાળકોએ પણ ગાંધી પ્રતિમાના ચરણે પુષ્પો અર્પણ કર્યા હતા. સત્ય સાંઈ સેવા સમિતિએ મહાત્મા ગાંધીજીને પ્રિય એવા "વૈષ્ણવ જન તો તેને રે કહીએ", "મન એક બાર હરિ બોલ", "મંદિરમે તું રામ સાંઈ" જેવા ભજનો દ્વારા ભાવાંજલી આપી હતી.

૩૦મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ શહીદ દિન નિમિત્તે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદો પ્રત્યે શ્રધ્ધા–સન્માનની ભાવના જાગૃત થાય, શહીદો પ્રત્યે દરેક વર્ગના લોકો સક્રિય સાથ સહકાર આપે તે માટે બે મિનિટનું મૌન પાળ્યું હતું.




સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૩૦/૦૧/૨૦૧૮ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ચોક બજાર ખાતે પુજય મહાત્મા ગાંધીજીને શ્રધ્ધાસુમન અર્પણ કરી વંદના કરતા માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, મ્યુનિ.કમિશનરશ્રી એમ.થેન્નારસન,આઈ.એ.એસ., તથા સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ દ્રશ્યમાન છે.

૭૨૭

## 'સુરત સ્ટોન સ્કલ્પચર સીમપોઝીયમ–૨૦૧૮'

સુરત મહાનગરપાલિકા દ્વારા સરત શહેરના બ્યુટિફિકેશન તથા સંસ્કૃતિ તથા કલાની કલાકૃતિઓ પ્રદર્શિત કરવા માટે 'સુરત સ્ટોન સ્કલ્પચર સીમપોઝીયમ–૨૦૧૮'નું આયોજન સાયન્સ સેન્ટર સ્થિત ગઝેબો ખાતે હાથ ધરવામાં આવેલ છે. સદર સીમ્પોઝીયમમાં આંતરરાષ્ટ્રિય ખ્યાતી પ્રાપ્ત ૧૧(અગીયાર) કલાકારો ભાગ લીધેલ છે. જે પૈકી ૭(સાત) કલાકારો ભારતીય છે, ૩(ત્રણ) કલાકારો જાપાનના તથા ૦૧(એક) કલાકાર ઈટાલીથી આવેલ છે. આ કાર્યશીબીર સાયન્સ સેન્ટર સ્થિત ગઝેબો ખાતે ૫ જાન્યુઆરી, ૨૦૧૮ થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૮ સુધી ચાલશે. સદર સીમ્પોઝીયમમાં થનાર કામગીરીનું પ્રેસ કવરેજ કરાવવા તથા બહોળા પ્રમાણમાં કવરેજ મળે તે હેતુથી મિડિયાકર્મીઓને થતી કામગીરીનું નિર્દનર્શન કરાવવા તા. ૩૧/૦૧/૨૦૧૮ના રોજ બપોરે ૩:૩૦ થી ૪:૩૦ કલાકે સાયન્સ સેન્ટર સ્થિત ગઝેબો ખાતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે.

૭૨૮

# પ્રેસનોટ

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ભેસ્તાન અને ઉન અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા. ૨૯/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૩ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૩૦/૦૧/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ ૬૭ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા તેમજ ૩૫ ઓપન પ્લોટો પર જપ્તી / ટાંચમાં લેવાના બોર્ડ લગાડવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી કુલ રૂ. ૧૪.૯૧ લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. તેમજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને રૂ. ૪૧.૩૫ લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં જમીન મિલ્કત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા ૦૮ થી વધુ EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા ૨.૫૫ લાખથી વધુ હપ્તાની વસુલાત આજ રોજ તા. ૩૦/૦૧/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા બસમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓ અને દિવ્યાંગોને બસભાડામાં ૪૦%, સિનિયર સીટીઝનોને ૨૫% તથા અંધજનોને ફ્રીમાં મુસાફરી કરવા માટે બસ ભાડામાં કન્સેશન આપવાની જાહેરાત કરવામાં આવેલ છે. બસ ભાડામાં કન્સેશનનો લાભ લેવા માંગતા લાભાર્થીઓને સુરત સીટીલિંક લિ. દ્વારા કુલ ૧૬ બસ સ્ટેશનો ઉપરથી અરજી ફોર્મ વિતરણ તા. ૧૭/૦૧/૨૦૧૮ થી શરૂ કરવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં તા. ૨૫/૦૧/૨૦૧૮ સુધીમાં કુલ ૧,૧૪૩ અરજીઓ બસ પાસ માટે મળેલ છે જેમાંથી આજ રોજ કુલ ૬૨ બસ ભાડા કન્સેશન પાસ મા. મેયરશ્રી, મા. ડે. મેયરશ્રી, મા. અધ્યક્ષશ્રી (સ્થાયી સમિતિ) તથા મા. અધ્યક્ષશ્રી(જાહેર પરિવહન પ્રવૃતિ સમિતિ), સુરત મહાનગરપાલિકા દ્વારા લાભાર્થીને વિતરણ કરવામાં આવેલ છે. જેમાં સ્ટુડન્ટ પાસ - ૫૫, સીનીયર સીટીઝન પાસ - ૪ અને દિવ્યાંગ પાસ - ૩નો સમાવેશ થાય છે. આમ, આજ રોજ કુલ ૬૨ બસ પાસ લાભાર્થીઓને ઇસ્યુ કરવામાં આવેલ છે અને બાકીના બસ પાસ પણ ક્રમશઃ ઇસ્યુ કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર<br>
સમાચાર યાદી નં. 729<br>
તા. ૩૦/૦૧/૨૦૧૮

**સુરત મહાનગરપાલિકા** | **હાઈડ્રોલિક વિભાગ**

## પ્રેસનોટ

**વિષય :– કતારગામ વોટર વર્કસ તથા ખટોદરા જળ વિતરણ મથક ખાતેથી અઠવા ઝોન, ઉધના ઝોન, સેન્ટ્રલ ઝોન દક્ષિણ વિભાગ તેમજ ભાઠેના ચોકડીથી ઉધના ખાડી બ્રીજ સુધીના વિસ્તારમાં તા.૦૨/૦૨/૨૦૧૮ ના સવારે ૧૧:૦૦ કલાકથી તા.૦૩/૦૨/૨૦૧૮ સવારે ૦૮:૦૦ કલાક સુધી પાણીના સપ્લાય અવરોધાય/ઓછા પ્રેશરથી મળવા અંગે.**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત શહેરના ખટોદરા જળ વિતરણ મથક ખાતેથી અઠવા ઝોન, ઉધના ઝોન, સેન્ટ્રલ ઝોન દક્ષિણ વિભાગ તેમજ ભાઠેના ચોકડીથી ઉધના ખાડી બ્રીજ સુધીના વિસ્તારમાં પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. આ વિસ્તારોમાં આગામી ગરમીના દિવસોમાં મુશ્કેલી નહીં સર્જાય તેમજ પૂરતા જથ્થામાં અને પુરતા પ્રેશરથી પાણી પુરવઠો આપી શકાય તે હેતુથી ખટોદરા જળ વિતરણ મથક ખાતેથી તથા કતારગામ વોટર વર્કસ ખાતેથી સુધારા વધારાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેને લીધે નીચેના વિસ્તારનો પાણી પુરવઠો અવરોધાય / ઓછા પ્રેશરથી મળશે.

(૧) તારીખ ૦૨/૦૨/૨૦૧૮ના રોજ સાંજનો તેમજ તા.૦૩/૦૨/૨૦૧૮ ના સવારનો પાણી સપ્લાય અઠવા ઝોનમાં અલથાણ, વેસુ–૧, વેસુ–૨ જળવિતરણ મથક હેઠળના વિસ્તારો અલથાણ, ખજોદ, આભવા, ભીમરાડ, સરસાણા, ડુમસ ભીમપોર, ગવિયર, મગદલ્લા, સુલતાનાબાદ વિગેરે વિસ્તારમાં સપ્લાય બંધ રહેશે.

(૨) તારીખ ૦૨/૦૨/૨૦૧૮ના રોજ સાંજનો પાણી સપ્લાય ઉધના ઝોનના પાર્ટ વિસ્તાર એટલે કે પીયુષ પોઈન્ટ થી આશાપુરી સોસાયટી તેમજ પીયુષ પોઈન્ટ થી મોહનનગર સુધીની તેમજ પત્રકાર કોલોની થી ગોવાલક સોસાયટી અને પત્રકાર કોલોની થી વિશ્રાનગર, ભવાનીનગર, તુલસીધામમાં સાંજનો સપ્લાય બંધ રહેશે.

(૩) તારીખ ૦૨/૦૨/૨૦૧૮ના રોજ સાંજનો પાણી સપ્લાય પૂર્વ(વરાછા ઝોન) પાર્ટ વિસ્તાર અશ્વીનીકુમાર ની આજૂ બાજૂનો વિસ્તાર, તેમજ કતારગામ (નોર્થઝોન)માં કતારગામ ગામતળ, કતારગામ દરવાજા, પારસ પોલીસ ચોકી, ફૂલ વાડી, સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, ફુલપાડા જી.આઈ.ડી.સી. વિગેરે વિસ્તારોમાં ઓછા પ્રેશરથી પાણી પૂરવઠો મળશે.

(૪) તારીખ ૦૩/૦૨/૨૦૧૮ ના સવારનો પાણી સપ્લાય સેન્ટ્રલ ઝોન દક્ષિણ વિભાગનો સપ્લાય બંધ રહેશે

(૫) તારીખ ૦૩/૦૨/૨૦૧૮ના રોજ સવારનો પાણી સપ્લાય ઉધના ઝોનનો ઉધના દરવાજાથી ભેસ્તાન સુધીનો સુરત–નવસારી રોડના આજૂ બાજૂનો તેમજ સીવીલ ચાર રસ્તારથી પાંડેસરા જી.આઈ.ડી.સી. સુધીના રોડની આજૂ બાજૂનો વિસ્તાર તેમજ પાંડેસરા ગામ, પાંડેસરા ગુજરાત હાઉસીંગ બોર્ડ તેમજ ઉધના સંઘ જળવિતરણ મથકના વિસ્તારો અને ખટોદરા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં સપ્લાય બંધ રહેશે.

ઉપરોક્ત હકીકત હોય, જેની જાહેર જનતાએ નોંધ લઈ તકેદારી રાખી જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો મેળવી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ આપવામાં આવશે. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે. તા. ૦૪/૦૨/૨૦૧૮ નાં રોજથી સદર વિસ્તારોમાં રાબેતા મુજબ પાણી પુરવઠો આપી શકાશે.

સમાચાર યાદી નં. 730
તા. ૩૧/૦૧/૨૦૧૮
જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

C:\Users\User1.DELL\Desktop\PRESNOTE.doc

૭૩૧

# પ્રેસનોટ

## સાઉથઝોન (ઉધના) દ્વારા આક્રમક વેરા વસુલાત સુરત મહાનગરપાલિકાનાં ઈતિહાસમાં પ્રથમવાર ઝોન દ્વારા રૂા. ૧૫૦ કરોડથી વધુની વેરા વસુલાત.

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ભેસ્તાન અને ઉન અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા કુલ ૩ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૩૧/૦૧/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૫૯** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા તેમજ **૨૭** ઓપન પ્લોટો પર જપ્તી / ટાંચમાં લેવાના બોર્ડ લગાડવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી કુલ **રૂા. ૧૩.૮૦ લાખ**થી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. તેમજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને આજરોજ **રૂા. ૪૦.૭૦ લાખ**થી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. આમ, ચાલુ વર્ષે ૨૦૧૭–૧૮ દરમ્યાન ઝોન ધ્વારા આજદીન સુધી મિલ્કતવેરા વસુલાત કુલ **રૂા. ૧૫૦** કરોડથી વધુ થયેલ છે. તેમજ જમીન મિલ્કત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા **૦૬** થી વધુ EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **૧.૭૫ લાખ**થી વધુ હપ્તાની વસુલાત આજ રોજ તા. ૩૧/૦૧/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# પ્રેસ નોટ

માર્ચનાં પ્રથમ અઠવાડિયામાં સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરીમાં એસ્ટ્રો ફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન કરવામાં આવનાર છે. આ પ્રદર્શનમાં એસ્ટ્રોનોમી વિષય અંતર્ગત આકાશગંગા, સૂર્યમંડળના સભ્યો (સૂર્ય,ચંદ્ર,ગ્રહો,ધૂમકેતુ), તારાસહ રાત્રિઆકાશ, સ્ટારટ્રેલ વિગેરેના ફોટોગ્રાફ પ્રદર્શિત કરવામાં આવશે જે માટે રજીસ્ટ્રેશન ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in ખાતેથી તા.૦૧ ફેબ્રુઆરી ૨૦૧૮ થી તા.૨૫ ફેબ્રુઆરી ૨૦૧૮ સુધી ઉપલબ્ધ રહેશે. આ એસ્ટ્રો ફોટોગ્રાફ ને સાયન્સ સેન્ટર સુરત ખાતે તા.૦૧ ફેબ્રુઆરી ૨૦૧૮ થી તા.૨૫ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધી જમા કરાવી શકાશે.

૭૩૩

# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ભેસ્તાન અને ઉન અદ્યોગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા. ૨૯/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૩ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૦૧/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ ૬૬ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૧૨.૯૦** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. તેમજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૪૬.૫૦** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં જમીન મિલ્કત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા **૦૬** થી વધુ EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂા.૨.૩૮** લાખથી વધુ હપ્તાની વસુલાત આજ રોજ તા. ૦૧/૦૨/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

તાઃ૦૧–૦૨–૨૦૧૮

# : પ્રેસ નોટઃ

## મિલકતવેરા/ઈ.ડબલ્યુ.એસ.આવાસોનાં બાકી માગણાં બાબતે

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૭–૧૮ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશ ચાલુ હોય જે અંગે તા.૩૧/૦૧/૨૦૧૮ તથા તા.૦૧/૦૨/૨૦૧૮ કુલ આશરે ૧૫૦થી વધુ મિલ્કતોમાં રીકવરી કરતા પારસ સોસાયટી,ગાયત્રી ચેમ્બર્સ,કતારગામ મેઈન રોડ,કો.હાઉસીંગ સોસાયટી સિંગણપોર,તુલસી ઈન્ડ.પૈકી પ્લોટ નં.૩૫,નીલકંઠ ઈન્ડ.સોસાયટી પ્લોટ નં.૯/એ, ગુરૂકૃપા ઈન્ડ.સોસાયટી, વિગેરે મિલકતો મળી કુલ – ૩૦ મિલ્કતોને સીલ કરવામાં આવેલ જે પૈકી સ્થળ ઉપર રૂા.૧૫,૧૪,૭૮૦/–ની વસુલાત કરવામાં આવેલ હતી તથા કરદાતાઓ પાસેથી કુલ રૂા.૪૯,૭૬,૨૦૫/– થી વધુ નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં નોર્થઝોન (કતારગામ)જમીન મિલ્કત વિભાગ દ્વારા કોસાડ ખાતે આવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસોનાં બાકી નાણાં વસુલાત માટે ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૭–૧૮ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશમાં તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૦૧/૨૦૧૮ દરમ્યાન કુલ રૂા.૧,૧૮,૦૦,૦૦૦/–થી વધુના ઈ.ડબલ્યુ.એસ. આવાસોનાં બાકી હપ્તા પેટેનાં નાણા વસુલ કરવામાં આવેલ છે.

૭૩૫

**–: પ્રેસનોટ:–**

ધી પ્રોહીબીશન ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ–૨૦૧૩ મુજબ રાજય સકારશ્રીનાં આદેશાનુસાર તમામ ચીફ ઓફિસરશ્રી–નગરપાલિકાઓ, મ્યુ.કમિશ્નરશ્રી– મહાનગરપાલિકાઓ તથા જિલ્લા કલેકટરશ્રી હસ્તકના ગટર સફાઈ તથા ખાળકુવા સફાઈ વિગેરેની કામગીરી દરમ્યાન ગટર ગુંગળામણથી વર્ષ ૧૯૯૩ થી આજદિન સુધીમાં ચાલુ ફરજ દરમ્યાન થયેલ સફાઈ કામદારોનાં થયેલા આકસ્મિક મૃત્યુ સંદર્ભે જે તે સમયે મેયર્સ ફંડ અને અન્ય યોજના હેઠળ આર્થિક સહાય આપવા ઉપરાંત નામદાર સરકારશ્રીની સફાઈ કામદારોના વિકાસને ધ્યાને રાખીને આવા મૃત્યુ પામેલા કામદારોના પરિવારને રૂા. ૧૦.૦૦ લાખનું વળતર ચુકવવા માટે આદેશ કરવામાં આવેલ. સદર બાબતે ભારત સરકારશ્રીનાં સફાઈ કામદારોની રાષ્ટ્રીય આયોગ અનુસુચિત જાતિ નવી દિલ્હી, તથા નેશનલ સફાઈ કામદાર કર્મચારી ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન તેમજ ગુજરાત રાજય સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરના આ માટે નિર્દિષ્ટ થતા માર્ગદર્શક હુકમો મુજબ સુરત મહાનગરપાલિકાએ આ દિશામાં મૃતક પરિવારોના વારસદારોની ઓળખ કરી તેમને સમયસર આ સહાય મળે એ દિશામાં કાર્યવાહી હાથ ધરી હતી.

જે અન્વયે અત્રેના સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદાર (કાયમી તથા હંગામી) કર્મચારીઓનું ૧૯૯૩ થી આજદિન સુધીમાં ગટર સફાઈની કામગીરી દરમ્યાન મૃત્યુ થયેલ કર્મચારીઓને અત્રેની સાધારણ સભાના ઠરાવ નં. ૩૮૨/૨૦૧૭, તા.૩૦/૦૬/૨૦૧૭ મુજબ રૂા. ૧૦.૦૦ લાખનું વળતર ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે મરણ પામેલ કુલ–૦૫ (પાંચ) (૦૪ કાયમી + ૦૧ હંગામી) પૈકી બે કામદારોના વારસદારોને તા.૧૮/૧૨/૨૦૧૭ નાં રોજ સીટી ઈજનેરશ્રીની રૂબરૂમાં માન.કમિશ્નરશ્રીના હસ્તે રૂા. ૧૦.૦૦ લાખ (અંકે રૂપિયા દશ લાખ પુરા) નો ચેક વળતર પેટે અર્પણ કરવામાં આવેલ હતા અને બે કામદારોના વારસદારોએ તેમના તમામ કાયદેસરના પુરાવા તેમજ પેઢીનામુ વિગેરે રજુ કરવામાં આવેલ. જે મુજબ ૧) ચીમન રામજીભાઈ ભંગી (કર્મ.નં.૧૮૮૫૭) ની વિધવા પુષ્પાબેન રામજીભાઈ ભંગી તથા ૨) મુકેશભાઈ કરશનભાઈ પડાયા, (હંગામી કર્મચારી) ની વિધવા હંસાબેન મુકેશભાઈ પડાયાને આજરોજ તા.૦૨/૦૨/૨૦૧૮ નાં રોજ સીટી ઈજનેરશ્રીની રૂબરૂમાં માન.કમિશ્નરશ્રીના હસ્તે રૂા. ૧૦.૦૦ લાખ (અંકે રૂપિયા દશ લાખ પુરા) નો ચેક વળતર પેટે અર્પણ કરવામાં આવેલ છે. આ પ્રસંગે માન.કમિશ્નરશ્રીએ મૃતકના પરિવારને સહાનુભુતિ પૂર્વક તેમની હાલની આર્થિક સ્થિતિ તથા ઘરમાં કામ કરનાર બાળકો વિગેરેની પૃચ્છા કરી તેમને સાંત્વના આપી હતી તથા સરકારશ્રીની આ યોજના હેઠળ તેમને આ સહાય આપવામાં આવી છે તે અંગેની તેઓને જાણ પણ કરી હતી.

વધુમાં અન્ય મરણ પામેલ કર્મચારીઓને આ મુજબનુ વળતર ચુકવવા બાબતે તેઓશ્રીના વારસદાર ધ્વારા કાયદેસરના તમામ પુરાવા તેમજ પેઢીનામું વિગેરે રજુ કર્યેથી રૂા. ૧૦.૦૦ લાખનું વળતર ચુકવવા માટે સુરત મહાનગરપાલિકા કટિબધ્ધ છે અને તેઓના કાયદાકીય પુરાવાઓ મળ્યેથી સુરત મહાનગરપાલિકા તરફથી તેઓને તાકીદના ધોરણે આ આર્થિક સહાય પુરી પાડવામાં આવશે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૬/૦૧/૨૦૧૮ થી તા.૦૧/૦૨/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૧૭૩ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૭૭ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૬૨ |
| ૪ | મેજર ઓપરેશન | ૦ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૭ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૬ |

# **<u>પ્રેસનોટ</u>**

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ભેસ્તાન અને ઉન અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા. ૨૯/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૩ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૦૨/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૫૬** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૧૦.૫૨** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. તેમજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૪૦.૨૦** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં જમીન મિલ્કત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા **૦૪** થી વધુ EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂા.૨.૧૦** લાખથી વધુ હપ્તાની વસુલાત આજ રોજ તા. ૦૨/૦૨/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

૭૩૮

# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ભેસ્તાન અને ઉન અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા. ૨૯/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૩ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૦૩/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૬૨** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૧૪.૪૫** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. તેમજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને આજ રોજ **રૂા.૪૬.૮૦** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં જમીન મિલ્કત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા **૦૨** EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂા.૧.૪૦** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

૭૩૯

# **<u>પ્રેસનોટ</u>**

સુરત મહાનગરપાલિકા ધ્વારા તાપી નદી ઉપરના હયાત અડાજણ થી અઠવાગેટને જોડતા સરદાર વલ્લભભાઈ પટેલ બ્રિજની બંને બાજુ વાઈડનીંગ કરવાના કામ પૈકી અપસ્ટ્રીમ સાઈડ (અડાજણ થી અઠવા તરફ) બ્રિજની લોકાર્પણવિધિ તા.૦૪/૦૨/૨૦૧૮, રવિવારના રોજ સવારે ૦૮:૦૦ કલાકે,સરદાર વલ્લભભાઈ પટેલ બ્રિજ,ગુજરાત ગેસ સર્કલ નજીક,અડાજણ,સુરત ખાતે માન. મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ પદે તથા જાહેર બાંધકામ સમિતિ અધ્યક્ષ શ્રી સુભાષભાઈ નામદેવ પાટીલના વરદહસ્તે સંપન્ન કરવામા આવેલ.

સુરત શહેર તાપી નદીનાં બન્ને કિનારા તરફ વિસ્તરેલુ અને વિકાસ પામતુ શહેર છે. સુરત શહેરનાં ઉત્તરો ઉત્તર વિકાસને ધ્યાને લેતાં, તાપી નદીનાં બંને કાંઠે આવેલ વિસ્તારોને જોડવા માટે પુલોની સંખ્યા પણ તેને અનુલક્ષીને હોવી જરૂરી બની છે તેમજ નવા વિકાસ પામતા સ્થળોને સુરત શહેર સાથે સાંકળવા માટે પણ પુલોનું નિમાર્ણ કરવું અનિવાર્ય થઈ પડેલ છે.

સુરત શહેરના પશ્ચિમ ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમના ઝડપી અમલીકરણ તથા ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના કારણે આ વિસ્તારની મહદઅંશે રહેણાંક વિસ્તાર તરીકે વિકાસ થવાથી આ વિસ્તારમાં વસ્તી ખૂબ જ વધી ગયેલ છે. તેમજ હજીરા વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક સંકુલો જેવા કે, રિલાયન્સ, એલ એન્ડ ટી.,એસ્સાર, એન.ટી.પી.સી., ક્રિભ્કો વિ.ના કારણે મલ્ટી એકસલ વ્હીકલનો ટ્રાફિક ખૂબ જ રહે છે.

હાલમાં પશ્ચિમ ઝોન વિસ્તારને મુખ્ય શહેર સાથે જોડતા ચાર પુલ તાપી નદી પર હયાત છે તે પૈકી અડાજણ વિસ્તારને અઠવાલાઈન્સ તથા રીંગરોડને જોડતા સરદાર પુલ પર ટ્રાફિકનું ભારણ ખૂબ જ રહે છે. તેમજ ગુજરાત ગેસ સર્કલ થી (રીવર બ્રીજ રેમ્પ) તથા ભુલકાભવન સ્કુલ રેમ્પ (ફલાય ઓવર રેમ્પ) તરફથી આવતા ટ્રાફિકના મર્જીગના કારણે સરદાર પુલ પર ટ્રાફિક જામ થાય છે. જેના કારણે વાતાવરણના પ્રદુષણની માત્રામાં વધારો થાય છે.

સુરત શહેરના અઠવા અને અડાજણ વિસ્તારના ટ્રાફિકના ભારણ તેમજ અડાજણ વિસ્તાર બાજુ રાંદેર–જહાંગીરપુરા, પાલ પાલનપોર, જહાંગીરાબાદ વિસ્તારમાં જે રીતે ડેવલપમેન્ટ થઈ રહયુ છે તે ધ્યાને લઈ વસ્તીનું ભારણ પણ વધી રહયુ હોય, આ બંને વિસ્તારોની હાલની ટ્રાફિકની સમસ્યા તેમજ ભવિષ્યમાં વસ્તી વધારના કરાણે ટ્રાફીકની સમસ્યા વધવાની શકયતા રહેલ હોય, હાલના અઠવા અડાજણ વિસ્તારને જોડતા સરદાર બ્રીજને વાઈડનીંગ કરવા અંગેનો ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરી આ દીશામાં તાકીદે આગળની કાર્યવાહી કરવાનું નકકી થયેલ.

તાપી નદી પરના અઠવાથી અડાજણ વિસ્તારને જોડતા હયાત સરદાર બ્રીજ પર થતા પુષ્કળ ટ્રાફિકની સમસ્યા હળવી બનાવવા રૂા.૮૦.૭૫ કરોડના ખર્ચે સદર રીવર બ્રીજને બંને બાજુ આશરે ૭૭૦ રનીંગ મીટર લંબાઈમાં બંને બાજુ એક્ષ્પાન કરી ૦૮(આઠ) લેન કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી બ્રીજની પુર્વ તરફની અડાજણથી અઠવા તરફની ૦૨(બે) લેન આજ રોજ જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે.

સદર બ્રીજના વાઈડનીંગથી હયાત બ્રીજની ટ્રાફિક વહન કરવાની કેપેસીટીમાં નોંધપાત્ર વધારો થશે. રાંદેર–અડાજણ, જહાંગીરપુરા, પાલ, પાલનપોર વગેરે વિસ્તારમાં જે રીતે ડેવલપમેન્ટ થઈ રહયું છે તે જોતા સદર બ્રીજ ભવિષ્યમાં વસ્તી વધારાને કારણે ટ્રાફિકની સમસ્યાને ઘણેઅંશે કાબુમાં રાખવા મદદરૂપ થશે.

આ પ્રસંગે તેમજ શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર) માન. મંત્રીશ્રી, રાજયકક્ષા, માન. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, માન. સાંસદ શ્રી સી.આર. પાટીલ, માન. સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, માન. ધારાસભ્ય શ્રી પૂર્ણેશભાઈ મોદી, માન. ધારાસભ્ય શ્રી હર્ષ સંઘવી, માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ,માન.ધારાસભ્ય શ્રી વિનોદભાઈ મોરડીયા,માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણા,માન.ધારાસભ્ય શ્રી કાંતિભાઈ બલર,માન. ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, માન.ધારાસભ્ય શ્રી વી.ડી.ઝાલાવડીયા,માન. ડે. મેયર શ્રી શંકરલાલ ચેવલી, માન. અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ શ્રી રાજેશભાઈ દેસાઈ, માન. નેતા શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા,માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ તથા ખુબ મોટી સંખ્યમાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.









૭૪૦

# **<u>પ્રેસનોટ</u>**

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા. ૦૫/૦૨/૨૦૧૮ ના રોજ કુલ ૫ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૦૫/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૫૭** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂ.૧૭.૨૫** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. તેમજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને આજ રોજ **રૂ.૪૧.૯૦** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં જમીન મિલ્કત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા **૦૩** EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂ.૨.૫૪** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા. ૦૫/૦૨/૨૦૧૮ ના રોજ કુલ ૫ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૦૬/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૫૨** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૧૦.૩૬** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. તેમજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને આજ રોજ **રૂા.૩૭.૫૦** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં જમીન મિલ્કત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા **૧૧** EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂા.૧.૦૮** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

<u>સુરત મહાનગર પાલિકા</u>
<u>સાઉથ–વેસ્ટ (અઠવા)</u>
<u>અખબારી યાદી</u>

**વિષય : આકારણી વિભાગ દ્વારા મિલ્કત વેરાની રીકવરી બાબત.**

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૭–૧૮ ના મ્યુનિસિપલ મિલકતવેરાની રીકવરી ઘનિષ્ટ કરવામાં આવેલ છે. જેમાં તા. ૦૫/૦૨/૨૦૧૮ થી ૦૬/૦૨/૨૦૧૮ દરમ્યાન અઠવાઝોન સંલગ્ન વિસ્તાર જેવા કે ભટાર, સરસાણા, અલથાણ કેનાલ રોડ, વેસુ, રૂંઢ વિગેરે વિસ્તારોમાં કુલ ૧૩ ઓપન પ્લોટ માં મિલ્કત વેરો નહી ભરતાં ઓપન પ્લોટ હોલ્ડરો ના સ્થળ/પ્લોટ માં જાહેર ચેતવણી નોટીસ બોર્ડ (ખૂંટા) લગાવવાની કામગીરી કરવામાં આવેલ છે અને ૨ મિલ્કતના વેરા પેટે બાકી રૂા. ૭૬૦૦૦/– (અંકે છોતેર હજાર રૂપિયા પુરા) એડવાન્સ ચેક જમા લેવામાં આવેલ છે.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં......742
તા.૦૬/૦૨/૨૦૧૮

૭૪૩

# પ્રેસનોટ

## ટેકનીકલ સ્ટાફને તાલીમ

સુરત શહેરની પ્રજાને આપવામાં આવતી પ્રાથમિક સુવિધા સહિતના વિવિધ પ્રોજેક્ટ સાથે સીધી રીતે સંકળાયેલા સુરત મહાનગરપાલિકાનાં સીવીલ/ઈલેકટ્રીકલ/મિકેનીકલ જેવા ટેકનીકલ સ્ટાફમાં ટેકનીકલ બાબતો અંગે અપગ્રેડેશન/રીફ્રેશમેન્ટ મળી રહે અને જે થકી પ્રજાલક્ષી કામગીરીમાં બદલાવ લાવવા તેમજ તેઓની કાર્યક્ષમતામાં વધારો કરવા માટે, શહેરના નાગરિકોને આપવામાં આવતી સેવાઓ ધ્યાને લઈ તે મુજબના વિષયો આવરી લઈ સુરત મહાનગરપાલિકા ધ્વારા સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી,(એસ.વી.એન.આઈ.ટી.), ઈચ્છાનાથ, સુરતનાં એંકર ઈન્સ્ટીટયુટ સેલના સહયોગથી સીવીલ, ઈલેકટ્રીકલ, મિકેનીકલ એન્જીનીયરીંગ વિભાગોના કર્મચારીઓ/અધિકારીઓ માટે રીફ્રેશર કોર્સની તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. જે તાલીમનો શુભારંભ તા.૦૮/૦૨/૨૦૧૮ ના રોજ થયેલ છે, આજ રોજ સિવિલ વિભાગમાં ૨(બે) બેચ, ઈલેકટ્રીકલ વિભાગનો ૧(એક) અને મિકેનીકલ વિભાગનો એક(૧) મળી કુલ ૪(ચાર) બેચમાં કુલ–૧૪૬ કર્મચારીઓની તાલીમ શરૂ થયેલ છે. સમગ્ર તાલીમનું અભિયાન મે–૨૦૧૮ સુધી ચાલનાર છે. જેમાં કુલ–૩૫ બેચમાં સુરત મહાનગરપાલિકાના તમામ ઈજનેરી વિભાગના ડેપ્યુટી ઈજનેર, જુનીયર ઈજનેર, આસીસ્ટન્ટ ઈજનેર, સુપરવાઈઝર, ટેકનીકલ આસીસ્ટન્ટ, વાયરમેન, મેઈન્ટેનન્સ આસીસ્ટન્ટ(ઈલે.), ફીટર જેવી વિવિધ ટેકનીકલ કેડરના અંદાજે–૧૪૨૫ કર્મચારીઓ તબકકાવાર તાલીમમાં ભાગ લેશે. સ્માર્ટ સીટી મિશન અંતર્ગત શહેરીજનોને ઉચ્ચ કક્ષાની વિવિધ નવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આ તાલીમ મહત્વનો ભાગ ભજવશે. તાલીમ પૂર્ણ થયા બાદ તમામ કર્મચારીઓની પરીક્ષા લેવામાં આવનાર છે તથા સંસ્થા દ્વારા તાલીમ અંગેના પ્રમાણપત્ર પણ આપવામાં આવનાર છે.

૭૪૪

# <u>પ્રે સ નો ટ</u>

તા. ૦૮/૦૨/૨૦૧૮ ના રોજ ઠેકાણું:—ગંગેશ્વર કંમ્પાઉન્ડ, વસ્તાદેવડી રોડ, સુરતનાં સ્થળે આવેલ " શ્રી રઘુવીર જનરલ સ્ટોર્સ " નામની સંસ્થાની ડે.કમિશ્નર (હેલ્થ અને હોસ્પીટલ) અને ડેઝીગ્નેટેડ ઓફિસર, સુરત મહાનગરપાલિકાને મળેલ ફરીયાદના અનુંસંધાનમાં ફુડ વિભાગના ફુડ સેફટી ઓફિસરો શ્રી ડી.પી.રાજપુત, શ્રી ડી.ડી.ઠાકોર તથા શ્રી એચ.એસ.પટેલની ટીમ દ્વારા સંયુકત રીતે ઉપરોકત સંસ્થાની મુલાકાત લઈ ઉપરોકત સંસ્થામાંથી ' જય શ્રી સ્વામીનારાયણ સ્પેશ્યલ ફરાળી લોટ ' તથા 'રાજગરાનો લોટ' (લુઝ) નાં નમૂનાઓ લઈ આગળની કાર્યવાહી કરવા માટે મોકલી આપવામાં આવેલ છે તથા સદરહુ સંસ્થામાં રાજગરાનાં લોટની ૫૦ કિ.ગ્રા.ની ૬૫ પ્લાસ્ટિકની ગુણો એટલે કે કુલ ૩૨૪૮ કિ.ગ્રા. કે જેની કુલ કિંમત રૂા.૧,૬૨,૪૦૦/— તથા સંસ્થામાં રહેલ જય શ્રી સ્વામીનારાયણ સ્પેશ્યલ ફરાળી લોટની ૩૨ કિ.ગ્રા.ની ૦૮ પ્લાસ્ટિકની ગુણો એટલે કે કુલ ૨૩૮ કિ.ગ્રા. જય શ્રી સ્વામીનારાયણ સ્પેશ્યલ ફરાળી લોટ (પેક) ની કુલ કિંમત રૂા.૧૪,૪૦૦/— આમ કુલ રૂા.૧,૭૮,૮૦૦/— ની કિંમતનો કુલ ૩૪૮૮ કિ.ગ્રા. રાજગરાનો લોટ તથા જય શ્રી સ્વામીનારાયણ સ્પેશ્યલ ફરાળી લોટને સીઝ કરવામાં આવેલ છે.

૭૪૫

## પ્રેસ નોટ

……………………

**માહે જાન્યુઆરી ૨૦૧૮ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટલમાં માહે **જાન્યુઆરી ૨૦૧૮** દરમ્યાન **૫૪૭૨** ઈન્ડોર તથા **૬૫૪૬૮** આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના **૪૧૪૨** તથા **૯૩૩** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૫૩૪૮** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૯૦૦** અને જુના **૧૩૮૫** દર્દીઓ સહીત કુલ **૩૨૮૫** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૭૮૩** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૪૩૪** તથા આંખ વિભાગમાં **૪૨૪૦** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૧૯૮૯૦** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૨/૦૨/૨૦૧૮ થી તા.૦૮/૦૨/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૬૯૧ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૮૩ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૬૭ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૬ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૮ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૧૮ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.747
તા.૦૯/૦૨/૨૦૧૮

સુરત
મહાનગરપાલિકા

હાઈડ્રોલિક વિભાગ

SAVE WATER,
SAVE LIFE

<u>અખબારી યાદી હાઈડ્રોલિક વિભાગ</u>

સુરત મહાનગરપાલિકા પ્રાથમિક સુવિધા આપવા માટે અગ્રેસર રહે છે. હાલમાં આ વર્ષ પાણીના બચાવ માટે અભિયાન શરૂ કરેલ છે. જેમાં દરેક નાગરીકોને અખબારી યાદી પ્રસિધ્ધ કરી બેનર લગાડી પ્રચાર કરવામાં આવે છે, તેમજ જે લોકો ગેરકાયદેસર પાણીના કનેકશનો મેળવી ગેરકાયદેસર પાણીનો વપરાશ કરે છે તેને રોકવાનું પણ ઝુંબેશ ઉપાડવામાં આવેલ છે. આજ રોજ એડી. સીટી ઈજનેરશ્રી હાઈડ્રોલિક તેમજ હાઈડ્રોલિક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ડેપ્યુટી ઈજનેરશ્રી તેમજ જુની. ઈજનેર હાઈડ્રોલિકની ટીમ તેમજ રાંદેર ઝોનના જુની. ઈજનેરશ્રીની ટીમના સંયુકત પ્રયાસથી રાંદેર ઝોન વિસ્તારમાં ટી.પી. નં.-૧૬ (પાલ) એરીયામાં ખેતીવાડી તેમજ બાંધકામ હેતુ માટેનાં વપરાશ માટેનાં જુદા જુદા ૦૫(પાંચ) ગેરકાયદેસર કનેકશનો દુર કરવામાં આવેલ છે. જેમાં ૧" ના ૦૩ નંગ શ્રી પ્રભુભાઈ પટેલ તથા રમણભાઈ પટેલના તથા ૧ નંગ ૧" નું વંસતભાઈ અગ્રવાલનું તેમજ ૧ નંગ ૧/૨" નું નટવરભાઈ કાલીદાસ તેમજ જયંતિભાઈ કાલીદાસનું દુર કરેલ છે.

વધુમાં શીતલ ટોકીઝ પાસે આવેલ સુભાષનગર વસાહતમાં ૧" ના ૦૯(નવ) નંગ અને ૧/૨" ના ૦૨(બે) નંગ ગેરકાયદેસર પાણીના કનેકશનો દુર કરવામાં આવેલ છે અને આ મુજબ ગેરકાયદેસર નળ જોડાણોને દૂર કરવાની કામગીરી આગામી દિવસોમાં પણ મ. ન. પા. દ્વારા તમામ ઝોન વિસ્તારમાં ચાલુ રાખવામાં આવનાર છે.

સમાચાર યાદી નં. 748
તા. ૦૯/૦૨/૨૦૧૮
જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# <u>પ્રેસનોટ</u>

**સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યોગિક મિલકતોના** બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા. ૦૫/૦૨/૨૦૧૮ ના રોજ કુલ ૫ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૦૭/૦૨/૨૦૧૮, તા.૦૮/૦૨/૨૦૧૮ તથા તા.૦૯/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા **વેરો ન ભરનાર કુલ ૯૨ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી કુલ રૂા.૨૩.૪૬** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. તેમજ સદર ૩ દિવસ દરમ્યાન મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૧.૪૧** કરોડથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં જમીન મિલકત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ સદર ૩ દિવસ દરમ્યાન EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા ૨૯ EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂા.૪.૫૭** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
૦૯/૦૨/૨૦૧૮
સુરત મહાનગર સેવા સદન
**તરફથી સાદર સમાચાર યાદી**
નં.749

# <u>પ્રેસનોટ</u>

<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી) બ્લોક નં.૨૪૬, ફા.પ્લોટ નં.૮૮ પૈકી પ્લોટ નં.૧૨,૧૩,૧૪ ચામુંડાનગર સોસાયટી, બમરોલી, સુરતવાળી મિલકતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના ચણતરની દિવાલો સહિત આર.સી.સી. સ્લેબનું બાંધકામ કરતા અત્રેથી સદરહું મિલ્કતના મિલ્કતદારોને સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના સ્થળ પર કરેલ બાંધકામ દુર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા **આજ તા.૦૯/૦૨/૨૦૧૮** ના રોજ આશરે ૧૨૬૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબ તેમજ ૭૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાંથી ચણતરની દિવાલોનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે તેમજ મિલ્કતદારો પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂ.૫૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

(૨) ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી) ફા.પ્લોટ નં.૧૭૬ વાળી રીઝર્વેશન હેઠળની જગ્યામાં બનાવવામાં આવેલ બિનઅધિકૃત ભોંયતળિયાના ભાગનું ચણતર, પ્લાસ્ટર સહિતનું આર.સી.સી. બાંધકામ કરવામાં આવેલ. જે **આજ તા.૦૯/૦૨/૨૦૧૮**ના રોજ આશરે ૧૧૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાંથી ચણતર, પ્લાસ્ટર સહિતનું આર.સી.સી.બાંધકામ તોડી અત્રેથી દૂર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ..૭૫૦.........
તા.૦૯/૦૨/૨૦૧૮

## પ્રેસનોટ

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યોગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૧૨/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૫૩** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂ.૧૧.૬૦** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. તેમજ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂ.૪૩.૨૨** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. તથા જમીન મિલ્કત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા **૪૦** EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂ.૩.૫૨** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

વધુમાં પાણી ખાતા ધ્વારા વોટર મીટર કનેકશની બાકી રકમની વસુલાત માટે ડોર ટુ ડોર **૧૫** મિલકતોની સ્થળ પર **રૂ.૬૮,૪૦૦/–** ની વસુલાત કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ<br>
૧૨/૦૨/૨૦૧૮<br>
સુરત મહાનગર સેવા સદન<br>
તરફથી સાદર સમાચાર યાદી<br>
નં. 751